# MEDIA BUZZ

**SANDESH** THURSDAY, 28•11•2019

### હવે વડોદરાથી રોજના ૧૫ વિમાનની સેવા મળશે

## વડોદરાથી બેંગ્લુરુ અને દિલ્હીની બે નવી વિમાની સેવાની જાહેરાત

### બેંગ્લુરુના નવા શિડ્યૂઅલની ફ્લાઈટ મંગળવારે નહિં આવે

। વડોદરા ।

વડોદરા એરપોર્ટ પરથી આગામી દિવસો દરમિયાન વધુ બે ડોમેસ્ટીક ફ્લાઈટ્સના શિડ્યુઅલ વધશે. જેમાં બેંગ્લુરુ અને દિલ્હીના રૂટની ફ્લાઈટનો સમાવેશ થાય છે. વડોદરાથી દિલ્હીનો ટ્રાફિક વધતા વધુ એક ફ્લાઈટનો ઉમેરો કરાતા વડોદરાથી દિલ્હીના રૂટની ૮ ફ્લાઈટ્સ થઈ છે.

આગામી તા.૩૦મી નવેમ્બરના રોજ બેંગ્લુરુના એરપોર્ટ પરથી ઈન્ડિગોની ફ્લાઈટ બપોરે ૧.૨૦ કલાકે ઉડાણભરી વડોદરા એરપોર્ટ પર ૩.૩૦ કલાકે આવી વડોદરાથી બપોરે ૪ કલાકે ઉડાણભરી સાંજે ૬.૦૫ કલાકે બેંગ્લુરુ પહોંચશે. જ્યારે, તા.૧લી ડિસેમ્બરના રોજ દિલ્હી એરપોર્ટ પરથી ઈન્ડિગોની ફ્લાઈટ સવારે ૭ કલાકે ઉપડી વડોદરા એરપોર્ટ પર ૮.૪૦ કલાકે આવી પુનઃ દિલ્હી જવા ૯.૧૫ કલાકે ઉડાણ ભરશે. જે ફ્લાઈટ ૧૦.૫૫ કલાકે દિલ્હી પહોંચશે. મુંબઈ કરતા દિલ્હીથી ઈન્ટરનેશનલ કનેક્ટિવીટી વધુ મળતી હોઈ દિલ્હીનો ટ્રાફિક વધતા રોજની ૮ ફ્લાઈટ્સના શિડ્યુઅલ છે. જ્યારે મુંબઈના ૩, બેંગ્લુરના ૨ તેમજ હૈદરાબાદના ૨ શિડ્યુઅલનો [illegible] થાય છે. તાજેતરમાં વ[illegible] આંતરરાષ્ટ્રીય વિમાન સેવા શરૂ કરવા માટે સાંસદ રંજનબેન ભટ્ટની આગેવાની હેઠળના એક પ્રતિનિધિ મંડળે કેન્દ્રિય નાગરિક ઉડ્ડયનમંત્રીને રજુઆત કરી હતી. નાગરિક ઉડ્ડયન મંત્રીએ વડોદરાની માંગણી અંગે એક રિપોર્ટ તૈયાર કરવા માટે નાગરિક

#### દિલ્હીના શિડ્યૂઅલ વધવાનું રહસ્ય ?

ડોમેસ્ટિક ફ્લાઇટ મુંબઇ એરપોર્ટ ના ટર્મિનલ નં-૧ ઉપર પેસેન્જરોને ઊતારતી હતી. જેથી, ઇન્ટરનેશનલ કનેક્શન માટે પેસેન્જરોએ અન્ય ટર્મિનલ પર જવાની સમસ્યા સર્જાતી હતી. આવી પરિસ્થિતીમાં રન-વેના સમારકામ માટે બપોરેના સમયે ટર્મિનલ બંધ રાખવાનો સિલસિલો મહિનાઓ સુધી જારી રહ્યો હતો. જેને કારણે કાઠમંડુ, બેંગકોક, વોર્સો, અલમાટીક, કુનમિંગ, કોન્ઝાવ, વિયેના, કાબુલ, રોમ, તાશ્કંદ સહિત વિવિધ દેશના ઇન્ટરનેશનલ શિડ્યુઅલ દિલ્હીથી વધુ ગોઠવાયા હતા. જેને કારણે ટ્રાફિક વધતા વડોદરાથી દિલ્હીના શિડ્યુઅલ વધારવામાં આવ્યા હોવાનું સમજાય છે

- રોનક પટેલ-ટ્રાવેલર્સ

---

ગુરૂવાર
૨૮ નવેમ્બર, ૨૦૧૯

**લોકસત્તા જનસત્તા**

## વડોદરાથી બેંગલુરૂ અને દિલ્હીની વધુ બે ફ્લાઈટ સેવાઓ શરૂ કરાઈ

વડોદરા, તા.૨૭

વડોદરા એરપોર્ટને આધુનિક સુવીધા સાથે મુસાફરોને આધુનિક સુવીધા મળે તે માટે એરપોર્ટ ઓથોરીટી દ્વારા તમામ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જોકે, જેટ એરલાઈન્સ બંધ થઈ જતા વડોદરા એરપોર્ટ પર અવર-જવર કરતા વિમાનોની સંખ્યામાં ઘટાડો તયો હતો.અગાઉ પણ વડોદરા એરપોર્ટ પરથી આંતરરાષ્ટ્રીય વિમાની સેવા સાથે ડોમેસ્ટીક એરલાઈન્સની સંખ્યામાં વધારો કરવાની રજૂઆત કરવામાં આવી હતી.

તાજેતરમાંજ સાંસદ રંજનબેન ભટ્ટની આગેવાનીમાં વેપાર-ઉધ્યોગ મંડળના પ્રતિનીધીઓ દ્વારા નાગરીક ઉડ્ડયન મંત્રીને વડોદરા અને તેની આસપાસ અનેક નાના-મોટા ઉધ્યોગ ગૃહો આવેલા છે. ભરૂત, અંકલેશ્વર, આણંદ વગેરે સ્થળેથી પણ લોકો મોટી સંખ્યામાં વડોદરા એરપોર્ટથી હવાઈ મુસાફરી કરે છે. ત્યારે ડોમેસ્ટીક સેવા વધારવા સાથે આંતરરાષ્ટ્રીય સેવા શરૂ કરવાની રજૂઆત કરવામાં આવી હતી.જોકે,પ્રતિનીધી મંડળની રજૂઆત બાદ વડોદરા એરપોર્ટથી બેંગલુરૂ અને દિલ્હીની વધારાની સેવા ઈન્ડીગો દ્વારા શરૂ કરવામાં આવી છે.બેંગલુરૂની ફ્લાઈટ મંગળવાર સીવાય રોજ બપોરે ૧.૨૦ કલાકે નિકળી ૩.૩૦ કલાકે વડોદરા આવશે જ્યારે વડોદરાથી આ ફ્લાઈટ બપોરે ૪ વાગે ટેકઓફ કરશે જે સાંજે ૬.૦૫ કલાકે બેંગલુરૂ પહોંચશે.

જ્યારે દિલ્હીની ફ્લાઈટ રોજ દિલ્હીથી ૭ વાગે ઉપડશે જે વડોદરા સવારે ૮.૪૦ કલાકે આવશે જે સવેરે ૯.૧૫ કલાકે વડોદરાથી ઉપડી ૧૦.૫૫ કલાકે દિલ્હી પહોંચશે આ સાથે વડોદરાથી હવે ફ્લાઈટ શિડ્યુલ વધીને ૨૬ થશે.

---

વડોદરા, ગુરુવાર, 28 નવેમ્બર, 2019

**દિવ્ય ભાસ્કર**

## બેંગલુરુ અને દિલ્હીને કનેક્ટ કરતી વધુ બે ફ્લાઈટ શરૂ થશે

### હાલમાં રોજ 14 ફ્લાઈટ કાર્યરત : એફજીઆઈની રજૂઆતને પગલે વધુ 2 ફ્લાઈટની કનેક્ટિવિટી

સિટી રિપોર્ટર । વડોદરા

વડોદરા એરપોર્ટને બેંગલુરૂ અને દિલ્હીને કનેક્ટ કરતી વધુ બે નવી ફ્લાઈટ સેવા શરૂ કરવામાં આવશે. વડોદરા એરપોર્ટ પર કનેક્ટીવીટી વધારવા માતે તાજેતરમાં એફ.જી. આઈ દ્વારા કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીને રજુઆત કરાઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, સાંસદ રંજનબેન ભટ્ટના અધ્યક્ષતામાં ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ અને સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝનું પ્રતિનિધી મંડળે કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી અને હરદિપસિંગ પુરીને મળી વડોદરા એરપોર્ટને આંતરરાષ્ટ્રીય કનેક્ટીવીટી શરૂ કરવા તથા રાષ્ટ્રીય કનેક્ટીવીટી વધારવા માટે માંગ કરી હતી. જેને પગલે વડોદરા એરપોર્ટ પર દિલ્હી અને બેંગલુરૂ ફ્લાઈટ કનેક્ટીવીટી શરૂ કરવામાં આવવાની જાહેરાત કરવામાં આવી છે.એરપોર્ટ ડાઈરેક્ટર ચરણસિંગના જણાવ્યા અનુસાર, 30 નવેમ્બરથી વડોદરા-બેંગલુરૂ અને 1 ડિસેમ્બરથી વડોદરા-દિલ્હીની નવી ફ્લાઈટ શરૂ કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે,વડોદરા એરપોર્ટ પરથી હાલમાં દિલ્હી ઉપરાંત મુંબઈ, હૈદ્રાબાદ, બેંગલુરૂ ખાતે સીધી વિમાની સેવાઓ કાર્યરત છે. રોજની 14 જેટલી ફ્લાઈટ સેવાઓ કાર્યરત છે. વધુ બે ફ્લાઈટની કનેક્ટીવીટી વધારાઈ છે.

---

**SANDESH** THURSDAY, 5•12•2019

### સર્વિસ ટેક્સ અને એકસાઈઝના કેસોને ઘટાડવા માટેની સ્કીમ

## જીએસટી સબકા વિશ્વાસ સ્કીમ અંગે FGI ખાતે સેમિનાર યોજાયો

। વડોદરા ।

કેન્દ્ર સરકારની સર્વિક ટેક્સ અને એકસાઇઝના કરદાતાઓને જટીલ કાનૂની પ્રક્રિયાનો સામનો કરવાના બદલે રાહત આપતી સ્કીમ સબકા વિશ્વાસ રજૂ કરાઈ છે તેને વડોદરા ઝોનમાં ૧૦૦ ટકા સફળતા અપાવવા માટે કાર્યવાહી થઈ રહી છે તેમ વડોદરા ઝોનના ચિફ કમિશનર એ.કે.મહેતાએ એફજીઆઇ ખાતે સોમવારે યોજાયેલા સેમિનારમાં જણાવ્યું હતં કે, વડોદરા ઝોનમાં હાલ જીએસટીના કરદાતાઓને રિફંડ આપવા માટે ૭ દિવસ કે તેથી ઓછા દિવસ લાગે છે. આગામી સમયમાં આ સમયગાળો વધુ ઘટાડીને માત્ર ૨ દિવસનો કરવા માટે તંત્ર દ્વારા લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેને સિધ્ધ કરવા માટે અધિકારીઓ અને કર્મચારીઓ પણ કાર્યરત થયા છે.

સમગ્ર દેશમાં રૂ.૩.૭૫ લાખ કરોડની રકમ સર્વિસ ટેક્સ અને એકસાઇઝના કાનૂની ખટલાઓમાં અટવાઈ ગઈ છે. ટ્રેડ અને કોમર્સને ફાયદો થાય તે માટે સરકારે સ્કીમ રજૂ કરી છે. દેશને ૫ ટ્રિલીયન ડોલરનું અર્થતંત્ર બનાવવા માટે પણ આ જરૂરી છે.જીએસટીના એનેક્સચર ૧ અને ૨ને એપલોડ કરવાનો કાર્યક્રમ આજે એફજીઆઇ ખાતે યોજાયો હતો.

કરદાતાઓ તેમના જૂના કેસો, એરિયર્સ, એડજ્યુડિકેશન, સ્વૈચ્છિક જાહેરાત અંગેના બોજાને ઘટાડે તે જરૂરી છે. આ માટે જ સબકા વિશ્વાસ સ્કીમ રજૂ થઈ છે.

# MEDIA BUZZ

દિવ્ય ભાસ્કર | બુધવાર, 04 ડિસેમ્બર, 2019 |

### નવેમ્બર 2019ની આવક 9,241 કરોડ નોંધાઇ

## GST : વડોદરા ઝોનની રેવન્યુમાં 1.5%નો વધારો

### નવેમ્બર 2018માં આવક 9,121 કરોડ થઇ હતી

બિઝનેસ રિપોર્ટર | વડોદરા

એક તરફ દેશમાં જી.એસ.ટી કલેક્શન અંગે અનેક તર્ક વિતર્ક સર્જાઇ રહ્યા છે,ત્યારે વડોદરા ઝોન દ્વારા ગત નવેમ્બર માસ સુધીના રેવન્યુ કલેકશનની સરખામણીએ ચાલુ નવેમ્બર માસ સુધીમાં 120 કરોડની વધારે રેવન્યુ પ્રાપ્ત કરી હતી.આગામી સમયમાં જી.એસ. ટી વિભાગ દ્વારા રેવન્યુ ક્ષેત્રે વધુ સફલતા હાંસલ થશે તેવો આશાવાદ અધિકારીઓએ વ્યક્ત કર્યો હતો.

વડોદરા ઝોન અંતર્ગત વડોદરા-1,વડોદરા-2, સુરત અને દમણ સુધીનો વિસ્તાર આવેલો છે.હાલ દેશમાં જી.એસ.ટી કલેક્શન અંગે અનેક તર્ક વિતર્ક સર્જાઇ રહ્યા છે.ત્યારે વડોદરા ઝોનની આવકમાં ગત નવેમ્બર માસની સરખામણીએ ચાલુ નવેમ્બર માસમાં 120 કરોડનો વધારો જોવા મળ્યો છે.વધુ માહિતી આપતા ચીફ કમિશ્નર અશોક મહેતાએ જણાવ્યું હતું કે,ગત નવેમ્બર-2018-19 માં વડોદરા ઝોન દ્વારા 9,121 કરોડ રૂ.ની રેવન્યુ એકઠી કરવામાં સફળતા મળી હતી. જ્યારે ચાલુ વર્ષે નવેમ્બર-2019-20 સુધીમાં ઝોન દ્વારા 9,241 કરોડ રૂ.ની રેવન્યુ એકઠી કરવામાં સફળતા મળી છે.ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે નવેમ્બર માસમાં 120 કરોડની વધુ આવક એકઠી કરાઇ છે.ટકાવારી પ્રમાણે 1.5 ટકા વધારો નોંધાયો છે.ડિપાર્ટમેન્ટ દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરાઇ રહી છે.નાણાંકિય વર્ષાન્તે ગત વર્ષની સરખામણીએ વધુ રેવન્યૂ એકઠી કરાશે.

### FGI દ્વારા વર્કશોપનું આયોજન કરાયું

## સબકા વિશ્વાસ સ્કીમ અંતર્ગત વડોદરામાં 2,132 ક્લેઇમ થયા

### વર્કશોપમાં GSTનાં ફોર્મ અંગે માહિતી અપાઇ

બિઝનેસ રિપોર્ટર | વડોદરા

ફેડરેશન ઓફ ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ગોત્રી ખાતે સબકા વિશ્વાસ સ્કિમ માટે જી.એસ.ટી ફોર્મ અપલોડ કરવા અંગેની માહિતી આપતા વર્કશોપનું આયોજન કરાયું હતું.તેમાં મોટી સંખ્યામાં લોકોએ હાજર રહીને એ.એન.એક્સ-1 અને 2 અપલોડ કરવા અંગેનું માર્ગદર્શન મેળવ્યું હતું.

વધુમાં સબકા વિશ્વાસ સ્કિમ વિશે માહિતી આપતા ચીફ કમિશ્નર, જી.એસ.ટી અશોક કુમારે જણાવ્યું હતું કે,સરકાર દ્વારા અગાઉથી પેન્ડિંગ કેસો પર ટેક્સ, પેનલ્ટી અને ઇન્ટરેસ્ટમાં 70 ટકા સુધીની માફી સાથેની સ્કિમ શરૂ કરવામાં આવી છે.31 ડિસેમ્બર સ્કિમનો લાભ લેવા માટે આખરી દિન છે. વડોદરા ઝોન અંતર્ગત વડોદરા-1,2 દમણ, સુરત આવે છે.અત્યાર સુધીમાં સ્કિમ અંતર્ગત વડોદરા ઝોનમાં 2,132 જેટલા ક્લેઇમ આવ્યા છે.જેની વેલ્યુ 1,040 કરોડ જેટલી થવા પામે છે.તેમાંથી 560 જેટલા ક્લેઇમને સ્વિકારવામાં આવ્યા છે અને વધુ કાર્યવાહી આગળ વધારવામાં આવી રહી છે.31 ડિસેમ્બર સબકા વિશ્વાસ સ્કિમ અંતર્ગત એપ્લીકેશન કરવા માટેની આખરી તારીખ છે.

શુક્રવાર ૬ ડિસેમ્બર, ૨૦૧૯ | લોકસત્તા જનસત્તા

## કેન્દ્રના કરવેરાની જટિલ પ્રક્રિયા બાબતે સમજ આપવા સેમિનારનું આયોજન

વડોદરા, તા.પ

ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝના ઉપક્રમે વડોદરાના સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સના (જીએસટી) ચીફ કમિશનર અશોક મહેતા (આઈઆરએસ)નું વકતવ્ય યોજવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્ર સરકારના સર્વિસ ટેક્સ અને સેન્ટ્રલ એક્સાઈઝના કેસોમાં નોંધપાત્ર ઘટાડો કરી સંપૂર્ણ સફળતા અપાવવા માટે સબકા વિશ્વાસ સ્કીમ લોન્ચ કરવામાં આવી છે એ બાબતની જાણકારી આપવાનો સેમિનાર યોજાયો હતો. જેમાં વડોદરા શહેરના ઉદ્યોગકારો અને તેઓના પ્રતિનિધિઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

આ પ્રસંગે સબકા વિશ્વાસ સ્કીમ બાબતે સંબોધન કરતાં અશોક મહેતા જણાવ્યું હતું કે, વડોદરા ઝોન સમગ્ર દેશમાં જીએસટીના કરદાતાઓને રિફંડ ચૂકવવામાં અગ્રેસર છે. વડોદરા ઝોન દ્વારા માત્ર એક સપ્તાહમાં જીએસટીનું રિફંડ ચૂકવી દેવામાં આવે છે. આ સમયગાળામાં પણ ઘટાડો કરીને માત્ર ૪૮ કલાકમાં જીએસટીનું રિફંડ ચૂકવાઈ જાય એ માટે તમામ પ્રયાસો વડોદરા ઝોન દ્વારા કરાઈ રહ્યા છે. જેને ટૂંકસમયમાં ઝોનના અધિકારીઓ અને કર્મચારીઓની મહેનત ફળે સિદ્ધ કરી દેવાશે એવી આશા તેઓએ વ્યક્ત કરી હતી. જીએસટી અને અન્ય કેન્દ્રિય કરવેરાઓની જંગી રૂપિયા ૩.૭૫ લાખ કરોડની રકમ લીગલ મેટરોને કારણે ઘોંચમાં મુકાઈ છે. આ આટલી મોટી રકમના કેસોનો ઝડપથી ઉકેલ લાવવા માટે સરકાર અને વિભાગ સતત પ્રયત્નશીલ છે. જેને લઈને વ્યાપાર ઉદ્યોગને ફાયદો થાય તેમજ ઉદ્યોગો સતત ધમધમતા રહે તેમજ દેશનો જીડીપી દર ઊંચો જાય અને નાણા મંત્રાલયનું પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાનું સ્વપ્ન પરિપૂર્ણ થાય એ માટે કેન્દ્ર સરકાર દ્વારા સબકા વિશ્વાસ સ્કીમ લોન્ચ કરવામાં આવી હોવાનું તેઓએ વકતવ્યમાં ઉમેર્યું હતું. એફજીઆઈ દ્વારા જીએસટીના એનેક્ષર-૧ અને ૨ ને અપલોડ કરવાનો કાર્યક્રમ પણ આ વકતવ્ય દરમિયાન યોજાયો હતો. જેથી તેઓની હાજરીમાં આ બાબતે કોઈ ઉદ્યોગકારોને સંશય હોય તો દૂર થઈ શકે.

# MEDIA BUZZ

ગુજરાત સમાચાર

મંગળવાર, તા.૮ ઓક્ટોબર, ૨૦૧૯

## વેપાર ઉદ્યોગ વિષયક નવી નીતિ અંગે ૩૦થી વધુ મંડળો સાથે ચર્ચાવિચારણા

વડોદરા,સોમવાર

રાજ્ય સરકાર દ્વારા નવી વ્યાપક અને સર્વ સમાવેશક વ્યાપાર ઉદ્યોગ નીતિના ઘડતરની કવાયત હાથ ધરવામાં આવી છે. તેના સંદર્ભમાં જિલ્લા કલેકટરે આજે એક બેઠક યોજીને ૩૦ થી વધુ વ્યાપાર, ઉદ્યોગ અને સેવા દાતાઓના સંગઠનો સાથે વિચાર વિમર્શ કર્યો હતો. વીસીસીઆઇ, એફજીઆઇ અને મધ્ય ગુજરાત વેપારી મહામંડળના સંકલનથી યોજવામાં આવેલી આ બેઠકમાં ખાસ કરીને નાના ટ્રેડર્સ અને સેવા દાતાઓની જીએસટી સહિતની વિવિધ મુશ્કેલીઓ, નાના વેપારીઓ માટે વીમાસુરક્ષા કવચ અસંગઠિત ટ્રેડર્સ વગેરે જેવી બાબતો અભ્યાસપૂર્ણ સૂચનો આપ્યા હતા.

દિવ્ય ભાસ્કર

વડોદરા, મંગળવાર, 8 ઓક્ટોબર, 2019

## વ્યાપાર અને ઉદ્યોગ વિષયક નીતિ અંગે સૂચનો મંગાવાયાં

### કલેકટરની ઉદ્યોગમંડળના અગ્રણીઓ સાથે બેઠક

સિટી રિપોર્ટર | વડોદરા

રાજ્ય સરકાર દ્વારા નવી વ્યાપક વ્યાપાર ઉદ્યોગ નીતિના ઘડતરની કવાયત હાથ ધરવામાં આવી છે. જેના સંદર્ભે જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલે સોમવારના રોજ વીસીસીઆઇ, એફજીઆઇ અને મધ્ય ગુજરાત વેપારી મહામંડળના સદસ્યો સાથે બેઠક યોજી નવી ઉદ્યોગ નીતિ મામલે વિચારો મંગાવ્યા હતા.

આ બેઠકમાં ખાસ કરીને નાના ટ્રેડર્સ અને સેવાદાતાઓની જીએસટી સહિતની વિવિધ મુશ્કેલીઓ, એમ.એસ.એમ.ઇની વર્તમાન વ્યાખ્યાને વ્યાપક બનાવીને ટ્રેડર્સ અને સર્વિસ પ્રોવાઇડર્સ ને તેમાં સમાવી લેવાની આવશ્યકતા, ખેડૂતોની જેમ નાના વેપારીઓ માટે વીમા સુરક્ષા કવચની જરૂર, સ્મોલ ટ્રેડર્સના સ્ટોકને વીમા સુરક્ષા કવચની જરૂર, વેલ્યુ એડિશનને લગતા વ્યાપારોનો એમ.એસ.એમ.ઈમાં સમાવેશ કરવો, અસંગઠિત ટ્રેડર્સ અને સર્વિસ પ્રોવાઇડર્સને યોગ્ય પ્રોત્સાહન જેવી બાબતોમાં મંડળોના પદાધિકારીઓએ અભ્યાસપૂર્ણ સૂચનો આપ્યાં હતાં.

જિલ્લા કલેક્ટર જણાવ્યું કે પ્રધાનમંત્રીશ્રીનો નલ સે જલ પ્રોજેક્ટ આવ્યો એ પહેલાંથી જ વડોદરા જિલ્લાએ એ દિશામાં ખૂબ સારી કામગીરી પૂરી કરી લીધી છે. હાલમાં જિલ્લાનાં ૯૫ ટકા જેટલાં ઘરોમાં નળ કનેક્શન દ્વારા પાણી ઉપલબ્ધ કરાવી દેવાયું છે. વડોદરા ૧૦૦ ટકા ઘરોમાં નળ જોડાણ અને નળ દ્વારા પાણી પુરવઠો પૂરો પાડતો દેશનો પ્રથમ જિલ્લો બને એવી ઉજળી શક્યતાઓ છે.

## આ વર્ષે 16મો એવોર્ડ ઓફ એક્સેલેંસ અપાશે ફેડરેશન ઓફ ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ દ્વારા અપાશે એક્સેલેંસ એવોર્ડ

### જિલ્લાના ઉદ્યોગકારો એવોર્ડની પસંદગી માટે નોમીનેશન મોકલી શકે તે માટે અપાયું માર્ગદર્શન

ભાવનગર | ભાવનગર શહેર અને જિલ્લાના ઉદ્યોગકારોને આગામી સમયમાં યોજાનાર એક્સેલેંસ એવોર્ડમાં ભાગ લેવા માટે પ્રેરિત કરવા ભાવનગર ખાતે આજે ફેડરેશન ઓફ ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ (એફજીઆઇ) નાં પ્રમુખ નિતીનભાઇ માંકડની ઉપસ્થિતીમાં ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ ઇન્ડસ્ટ્રીના સહયોગથી મીટીંગનું આયોજન કરાયું હતું જેમાં શહેર અને જિલ્લાભરના ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યાં હતા.

ફેડરેશન ઓફ ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ એ વડોદરા ખાતે આવેલ અગ્રણી ચેમ્બર છે અને 100 વર્ષ જુની પણ છે.સંસ્થા દ્વારા ઉદ્યોગો માટેના જુદા જુદા ક્ષેત્રના 14 અવોર્ડ ઓફ એક્સેલેંસ ...વે છે અને આ વર્ષે ...વોર્ડ ઓફ એક્સેલેંસ ...વનાર છે.ભાવનગર ...ગકારો આ એવોર્ડની ...ોમીનેશન મોકલી શકે ... સંસ્થાના સહયોગથી ... એક મિટીંગ મળી ...ભાવનગર જિલ્લાના ...મળીને આ એવોર્ડ વિશે ...તી આપવામાં આવી મળે તે માટે પ્રયાસ કરાયો હતો અને ભાવનગર જિલ્લાના વધુમાં વધુ ઉદ્યોગકારો એવોર્ડ માટે ફોર્મ ભરે અને તેઓને માર્ગદર્શન આપવા આવેલા ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝના હોદ્દેદારોએ માહીતી આપી હતી.આ માહીતીના પ્રચાર માટે ચેમ્બર ઓફ કોમર્સના સહયોગથી રોડ શો પણ યોજવામાં આવ્યો હતો.

એફજીઆઇનો એવોર્ડ મેળવવો વિજેતાઓ માટે વ્યાપાર ઉદ્યોગ અને સમાજમાં પ્રતિષ્ઠા વધારનારો સાબિત થયો છે.આ 16માં એફજીઆઇ એવોર્ડમાં કોઇપણ સંસ્થા,કંપની,એનજીઓ,વ્યકિત પોતાને લગતી 13 કેટેગરીમાંથી એકથી વધુમાં અરજી કરી શકે છે.સમય સાથે તાલ મિલાવવા ડીઝીટલ ઓન લાઇન અરજી કરવાની પણ સુવિધા રાખવામાં આવી છે.16મા એફજીઆઇ એવોર્ડ્સ માટે 30 નવેમ્બર સુધીમાં અરજી કરી શકાશે.

આ પ્રસંગે ભાવનગર ડિસ્ટ્રીક્ટ ઓફ ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખ સમીરભાઇ શાહ,ચેરમેન મહેન્દ્રભાઇ શાહ સહિત હોદેદારો અને ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યાં હતા.

ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ દ્વારા

## ભાવનગરનાં ઉદ્યોગકારોને એક્સેલેંસ એવોર્ડની માહિતી સંદર્ભે મીટીંગ યોજાઈ

ભાવનગર,મંગળવાર

ભાવનગર શહેર અને જિલ્લાનાં ઉદ્યોગકારોને આગામી સમયમાં યોજાનાર એક્સેલેંસ એવોર્ડમાં ભાગ લેવા માટે પ્રેરિત કરવા આજે ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ભાવનગર ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝનાં સહયોગથી હોટલ જનરેશન એકસ ખાતે મીટીંગ યોજવામાં આવી હતી.

ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝએ વડોદરા ખાતે આવેલ અગ્રણી ચેમ્બર છે. અને



તસવીર : મૌલીક સોની

૧૦૦ વર્ષથી પણ જુની છે. એ સંસ્થા દ્વારા ઉદ્યોગ માટેના જુદા જુદા ક્ષેત્રનાં ૧૪ એવોર્ડ ઓફ એક્સેલેંસ આપવામાં આવે છે. અને આ વર્ષે પણ ૧૬મો એવોર્ડ ઓફ એક્સેલેંસ આપવામાં આવનાર છે. ભાવનગર જીલ્લાના ઉદ્યોગકારો આ એવોર્ડની પસંદગી માટે નોમીનેશન મોકલી શકે તેના મ્ટે ભાવ. ડિ. ચેમ્બરના સહયોગથી ...ક મીટીંગ યોજાયેલ જેમાં ભાવનગર જિલ્લાના ઉદ્યોગકારોને આ એવોર્ડ વિશેની વિસ્તૃત માહિતી આપેલ ત્યારબાદ તેમણે નિયત કરેલી પ્રક્રિયા પ્રમાણે માહિતી ફોર્મ

અનુસંધાન ૭

છેલ્લા પાનાનું અનુસંધાન

### ભાવનગરનાં ઉદ્યોગકારોને

દ્વારા તેમને પુરી પાડવાની રહેશે અને તેમાથી એવોર્ડ માટેની પાત્રતા, નક્કી થશે. ઉદ્યોગકારો સુધી પહોંચી શકે અને કોઈપણ ઉદ્યોગ કાર ખાસ પ્રકારની વસ્તુ ઉત્પાદિત કરતી હોય તેને પ્રોત્સાહન મળે તે માટે ભાવનગર જિલ્લાનાં વધુમાં વધુ ઉદ્યોગકારો એવોર્ડ માટે ફોર્મ ભરે અને તેઓને પ્રોત્સાહન આપવા તેમજ માર્ગદર્શન આપવા આવેલા ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝનાં હોદ્દેદારોએ માહિતી આપી હતી. આ પ્રસંગે ભાવનગર ડિસ્ટ્રીક્ટ ઓફ ઈન્ડ.નાં પ્રમુખ સમીરભાઈ શાહ, ચેરમેન મહેન્દ્રભાઈ શાહ સહિત હોદ્દેદારો, ઉદ્યોગકારો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# MEDIA BUZZ

ભૂઝ 13

NAGAR WEDNESDAY, 16•10•2019

ભાવનગરમાં ડિસ્ટ્રીક્ટ ચેમ્બરના સહયોગથી ઉદ્યોગકારો સાથે એફ.જી.આઈ.એ યોજી બેઠક

## 'ભાવનગરના ઉદ્યોગકારોમાં કાર્યશૈલીથી લઈ ઉદ્યોગ સંચાલનની ઉમદા સૂઝબૂઝ'

'એવોર્ડ ઓફ એક્સેલેન્સ' માટે ભાવનગરના મહત્તમ ઉદ્યોગકારોને દાવેદારી નોંધાવવા અપીલ




### કઇ ૧૪ કેટેગરીમાં અપાશે એવોર્ડ?

૧.રિસર્ચ સાયન્સ એન્ડ ટેકનોલોજી
૨.પોલ્યુશન મેનેજમેન્ટ એન્ડ સસ્ટેનેબલ પ્રેકટિસીઝ
૩.આઉટસ્ટેન્ડીંગ એમ એસ એમ ઇ
૪.આઉટસ્ટેન્ડીંગ બિઝનેસ લીડર
૫.એક્સપોર્ટ પર્ફોમન્સ એન્ડ પ્રમોશન
૬.ગ્રીન બિઝનેસ એવોર્ડ
૭.બેસ્ટ પ્રેકટિસીઝ ઇન એચ આર. એન્ડ આઇ.આર. પોલીસીઝ
૮.આઉટસ્ટેન્ડીંગ ઇનોવેશન ઇન ધ ફિલ્ડ ઓફ એગ્રીકલ્ચર એન્ડ એગ્રો ઇન્ડ.
૯.આઉટસ્ટેન્ડીંગ કોન્ટ્રીબ્યુશન ઇન ધ ફિલ્ડ ઓફ સી.એસ.આર.
૧૦.આઉટસ્ટેન્ડીંગ વર્ક ઇન ધ ફિલ્ડ ઓફ સોશિયલ વેલ્ફેર/ રૂરલ ડેવલોપમેન્ટ બાય ઇન્ડીવિડ્યુઅલ/ એન.જી.ઓ.
૧૧.કોર્પોરેટ ઇન્ફોર્મેશન ટેકનોલોજી એવોર્ડ
૧૨.બેસ્ટ ચેરિટેબલ ઇન્સ્ટી. પ્રોવાઇડીંગ હેલ્થ સર્વિસ
૧૩.આઉટસ્ટેન્ડીંગ સ્ટાર્ટ અપ
૧૪.લાઇફ ટાઇમ એફ.જી.આઇ. એવોર્ડ

### ભાવનગરને ૧૦ વર્ષ પૂર્વે એવોર્ડ મળ્યો હતો

ભાવનગરમાં ડિસ્ટ્રીક્ટ ચેમ્બરના સહયોગથી ભાવનગરના કાળુભા રોડ પર આવેલ હોટલ જનરેશન એક્સ ખાતે ઉદ્યોગકારો સાથે યોજાયેલી બેઠકમાં વડોદરા સ્થિત એફ.જી.આઇ.ના ઉપસ્થિત રહેલા પદાધિકારીઓએ માર્મિક ટકોર કરતા ઉદ્યોગકારોને જણાવ્યુ હતુ કે, અદાજે ૧૦ વર્ષ પૂર્વે ભાવનગરના ફાળે એક એવોર્ડ આવ્યો હતો. આ સાથે આ વખતે મહત્તમ દાવેદારી ભાવનગરમાંથી થાય તેવી પણ તેમણે આશાવાદ વ્યકત કર્યો હતો.

... માટે દાવેદારી નોંધાવા અનુરોધ કર્યો હતો.

બેઠકના અંતે એફ.જી.આઈ.ના પદાધિકારીઓનું ભાવનગરમાં ડિસ્ટ્રીક્ટ ચેમ્બરના મહેન્દ્રભાઇ શાહ તથા સમીરભાઇ શાહે સન્માન કર્યું હતું.

## ઉદ્યોગકારોને એફ.જી.આઈ. આપશે એક્સિલન્સી એવોર્ડ્સ

૧૪ કેટેગરીમાં સન્માનપત્ર : ૩૦ નવેમ્બર સુધી અરજી સ્વીકાર્ય



## ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝને ૧૦૦ વર્ષ પૂર્ણઃ એવોર્ડ સમારોહ સહિત જાજરમાન કાર્યક્રમો

૧૩ શ્રેણીના એવોર્ડની ઘણી પ્રતિષ્ઠા, રાજકોટના વેપાર-ઉદ્યોગકારોને જોડાવા આહવાન



સૌરાષ્ટ્રના ઉદ્યોગોને વિવિધ કેટેગરીના એવોર્ડ માટે અરજી કરવા આમંત્રણ

## ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝે ૧૦૦ વર્ષ પુરા કર્યાઃ ચાલુ વર્ષે પણ આપશે એવોર્ડ ફોર એક્સીલન્સ

કુલ ૧૪ કેટેગરીનાં એવોર્ડ: અરજી કરવાની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર: નવા વર્ષે એવોર્ડ સમારોહ



## FGI દ્વારા ઉદ્યોગરત્ન એવોર્ડ એનાયત કરાશે

### સૌરાષ્ટ્રના ઉદ્યોગકારો પાસે અરજી મંગાવાઇ

રાજકોટ, તા.૧૫: વડોદરામાં ૧૦૦ વર્ષ પૂર્વે સ્થાપાયેલી ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ૧૬મા એક્સલન્સ એવોર્ડનું આયોજન કરવામાં આવ્યું છે. ઉદ્યોગ ક્ષેત્રે ઉમદા કામગીરી કરી રહેલા ... આપવામાં આવી રહ્યા છે.

એ માટે અરજી સ્વીકારવા સૌરાષ્ટ્રભરના ઉદ્યોગકારોને સંસ્થાએ આહવાન કર્યું છે.

ચેમ્બરના આઇપીપી નીતિન માંકડ તથા નિતેશ પટેલે કહ્યું કે, દર બે વર્ષે એક્સલન્સ એવોર્ડ યોજાય છે પરંતુ સૌરાષ્ટ્રના ઉદ્યોગકારો અરજી કરતા નથી. આ એવોર્ડ સૌરાષ્ટ્રના ઉદ્યોગકારો મેળવે તે માટે અરજીઓ અમે માગી રહ્યા છીએ. આ માટે કોઇ ચાર્જ નથી. ૩૦ નવેમ્બર સુધી ઉદ્યોગકારો અલગ અલગ ૧૪ કેટેગરીમાં અરજી કરી શકશે. કંપની, સંસ્થા, એનજીઓ અને વ્યક્તિગત રીતે પણ કોઇ અરજી કરી શકાય છે. એવોર્ડ દેશના ટોચના મહાનુભાવોના હસ્તે અપાય છે. www.fgiindia.com/awards ઉપર ઓનલાઇન અરજી પણ કરી શકાય છે.

## ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝના ઉપક્રમે જુદા જુદા ૧૪ ક્ષેત્રે અપાશે એવોર્ડ

એવોર્ડ : ઉદ્યોગોના સંગઠન ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝના ઉપક્રમે દર બે વર્ષે જુદા જુદા ક્ષેત્રમાં યોગ્ય પ્રદાન કરનારાઓને એવોર્ડસ ફોર એક્સીલન્સ એવોર્ડ અપાય છે. આ એવોર્ડ મોટા ભાગે દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાતના ઉદ્યોગોને ફાળે જતો હતો. પણ એમાં સૌરાષ્ટ્રને પણ સામેલ કરવાના શુભાશયથી રાજકોટમાં ચેમ્બર ઓફ કોમર્સના સહયોગથી પત્રકાર પરિષદનું આયોજન કરાયુ હતુ. જેમાં સેક્રેટરી નીતેશ પટેલ અને ફેડરેશનના પદાધિકારીઓએ એવોર્ડની કુલ જુદી જુદી૧૪ કેટેગરી સાયન્સ ટેકનોલોજી, પ્રદુષણ નિયંત્રણ, નિકાસ વિકાસ, એગ્રીકલ્ચર અને ફુડ પ્રોસેસીંગ, કોર્પોરેટ ઇન્ફરમેશન ટેકનોલોજી, હેલ્થ સર્વિસીઝ બેસ્ટ ચેરીટેબલ એક્ટીવીટી વગેરે ક્ષેત્રના અગ્રેસરોના સમાવેશની વિગતવાર છણાવટ કરી હતી. આ બેઠકમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી.વૈશ્ણવ, નીતમ બારસિયા, ગૌતમ ધમસાણિયા વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ફોટો જયેશ રાઠોડ



# MEDIA BUZZ

દેશ-પરદેશની આજકાલ
aajkaaldaily.com
www.aajkaaldaily.com
Dt. 16-10-2019

## એફજીઆઈ એવોર્ડસ ફોર એક્સિલન્સ સૌરાષ્ટ્ર-કચ્છમાંથી નોમિનેશન મગાવાયા

### વેપારીઓ, ઉદ્યોગપતિઓ, સંસ્થાઓ, સેવાભાવીઓને આહ્વાન

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ



(તસવીર: દર્શન ભટ્ટ)

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં નોમિનેશન માટે અપીલ કરતા હોદ્દેદારો તસવીરમાં દ્રશ્યમાન થાય છે.

અનોખી પહેલ : આ એવોર્ડ FGI દ્વારા દર બે વર્ષે આપવામાં આવે છે

## FGIના એવોર્ડ માટે રોડ-શો યોજાયો રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ સહભાગી

નવગુજરાત સમય > રાજકોટ



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સહયોગથી ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રી દ્વારા આગામી ૧૬મો એફ.જી.આઈ. એવોર્ડ્સ ફોર એક્સેલન્સી આપવાનું આયોજન થનાર હોય તેની યોગ્ય પ્રસિધ્ધિ માટે રાજકોટ ખાતે મંગળવારે રોડ-શોનું અને પ્રેસમીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્યના વિવિધ ક્ષેત્રે આગવું નોંધપાત્ર યોગદાન આપનારને એક્સેલેન્સી એવોર્ડ અપાશે અને તેમાં રાજકોટ ચેમ્બર સહભાગી બનનાર છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી. વૈષ્ણવએ આ સમગ્ર એવોર્ડમાં ચેમ્બરની સહભાગીદારીની માહિતી આપી હતી જ્યારે ફેડરેશન ઑફ ગુજરાત ઈન્ડસ્ટ્રીના પૂર્વ પ્રમુખ નીતીનભાઈ માંડિકા તથા સેક્રેટરી જનરલ નિતેશભાઇ પટેલે આગામી ૧૬મો એફ.જી. આઈ. એવોર્ડ્સ ફોર એક્સેલન્સી અંગે જાણકારી આપતા આ એવોર્ડ એફ.જી.આઈ. દ્વારા દર બે વર્ષે આપવામાં આવે છે. આ માટે કોઇપણ સંસ્થા, કંપની, એનજીઓ, વ્યક્તિ વગેરે પોતાની લગતી ૧૪ કેટેગરીમાંથી એકથીવધુ અરજી કરી શકે છે. આ એવોર્ડ દેશના ઉચ્ચ મહાનુભાવોના વરદહસ્તે એનાયત કરવામાં આવે છે. આ માટે ઓનલાઈન www. fgiindia.com/ awards ઉપર અરજી પણ સ્વીકારવાની સુવિધા રાખવામાં આવી છે આમ છતા આ અંગે વધુ માહિતીની આવશ્યકતા હોય તો રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનો સંપર્ક કરવો. એવોર્ડ માટે અરજી 30 નવેમ્બર ૨૦૧૯ સુધી સ્વીકારવામાં આવશે તેમ વિગેરે વિવિધ બાબતોની પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા તેઓએ માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજકોટ ચેમ્બરના મંત્રી બારસીયાએ કર્યું તેમજ ઉપસ્થિત અખબાર-મીડિયાના પ્રતિનિધિઓનો આજના કાર્યક્રમમાં હાજરી આપવા બદલ રાજકોટ ચેમ્બરના પૂર્વ પ્રમુખ ગૌતમભાઈ ધમસાણીયાએ આભારવિધિ કરી હતી.

YouTube
Linkedin
@abtakmedia
@abtakchannel
@abtak.media
અબતક ®
સાંધ્ય દૈનિક
www.ABTAKMEDIA.com
abataknews@gmail.com
94266 72303

## ૧૬માં એફ.જી.આઈ. એવોર્ડ્સ માટે ૧૩ કેટેગરીઃ 30 નવેમ્બર સુધી અરજી સ્વીકારાશે

### લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ પણ એનાયત કરાશેઃ પત્રકાર પરિષદમાં માહિતી આપતા એફ.જી.આઈ.ના પૂર્વ પ્રમુખ નીતિન માંડસ અને સેક્રેટરી જનરલ નિતેશ પટેલ

અબતક, રાજકોટ



તસવીર: મનોજ દેસાઈ



LONDONeye
The Premium Optical Lounge
KISAANPARA , RAJKOT .PH. 0281-2460860
The Premium Optical Lounge